Sunday
06.11.2022
*Volume :7 * Issue No.96
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# ભારતમાં વસ્તી અને ઓટોમોબાઈલ ગ્રોથ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે : નીતિન ગડકરી

કમલમ્ ન્યુઝ, વોશિંગ્ટન,

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં કોક્લેવ ૨૦૨૨ શરૂ થઈ ગયો છે. પ્રથમ દિવસે ઘણી મોટી હસ્તીઓએ ભાગ લીધો અને ખુલીને વાત કરી. કેન્દ્રીય પરિવહન અને સડક મંત્રી નીતિન ગડકરીએ પણ સ્ટેજ પર પહોંચ્યા હતા અને રોડ એક્સિડન્ટથી લઈને સેફટી સુધી તમામ બાબતો પર વાત કરી હતી. ગડકરીએ કહ્યું કે દેશમાં વસ્તી અને વાહનોની સંખ્યા બંને ઝડપથી વધી રહી છે. એક પરિવારમાં ત્રણ લોકો છે અને સાત વાહનો રાખવામાં આવે. ઘરમાં વાહન રાખવાની જગ્યા નથી. રસ્તાઓ પર વાહનો પાર્ક કરવામાં આવે છે. નીતિન ગડકરીએ કહ્યું- 'આ વાત પર ચર્ચા થવી જોઈએ. ભારતમાં વસ્તી અને ઓટોમોબાઈલ ગ્રોથ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. એ વિશે પણ વિચારવું જોઈએ. ૧૭ કરોડ વ્હીકલ છે. એક પરિવારમાં ત્રણ સભ્યો છે અને ઘરમાં સાત ગાડીઓ રાખવામાં આવ્યા છે. કેવી રીતે બનશે રોડ? બીજું, પાર્કિંગની કોઈ સુવિધા નથી. મોટા શહેરો પર એક નજર નાખો. કેટલા લોકો છે - જેમણે પોતાના ઘરોમાં પાર્કિંગ બનાવ્યું છે. રસ્તા પર ગાડીઓ પાર્ક કરી દે છે. સમસ્યા વધુ છે તેથી અમે પણ પ્રયાસ કરી રહ્યા છીએ અને લોકોએ પણ આગળ આવવું જોઈએ. તેમણે કહ્યું કે, ઓટોમોબાઈલ




એન્જિનિયરિંગની કંપનીઓને મેં ઘણી સલાહ આપી છે. સાયરસ મિસ્ત્રીના અકસ્માત બાદ મેં મર્સિડીઝ કંપની સાથે પણ વાત કરી છે. તેમણે કહ્યું કે તેઓ ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ, રોડ એન્જિનિયરિંગ, માર્ગ સલામતી માટે એજ્યુકેશન કેમ્પેન ફોર રોડ સેફટી, ઈમરજન્સી (અકસ્માત પછી તરત જ જીવન બચાવો) પર કામ કરી રહ્યા છે. એનજીઓ, સામાજિક કાર્યકરો પણ ઘણું કામ કરી રહ્યા છે. પરંતુ, મેં કહ્યું છે કે ૨૦૨૪ પહેલા અમે ૫૦ ટકા અકસ્માતો ઘટાડીશું અને મૃત્યુઆંક પણ ઘટશે. તેમણે કહ્યું કે મારા મંત્રાલયે માત્ર ૬ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે. એવું નથી કે અમે કર્યું નથી, અમને આ અભિયાનમાં સફળતા પણ મળશે. ગડકરીએ કહ્યું કે હવે જે નવા હાઈવે બનાવવામાં આવી રહ્યા છે તેમાં દરેક વસ્તુનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સેવ લાઈફ ફાઉન્ડેશનને જ્યારે મુંબઈ-પુણે હાઈવે બનાવવામાં આવ્યો ત્યારે ૫૫ ભૂલો કાઢી હતી. તેઓ ખૂબ જ સારી રીતે કામ કરી રહ્યા છે. ગડકરીએ ખુલ્લેઆમ તેમના કાર્યોની ગણતરી કરી અને કહ્યું- હું નમ્રતાપૂર્વક એક વાત સ્વીકારવા માંગુ છું કે મને માર્ગ અકસ્માત રોકવામાં સફળતા મળી નથી. દેશમાં ૫ લાખ અકસ્માતો થાય છે અને ૩ લાખ લોકો પોતાના હાથ-પગ ગુમાવે છે. ૧.૫ લાખ લોકો મૃત્યુ પામે છે અને મૃત્યુ પામેલા ૬૪ ટકા લોકો ૧૮ થી ૩૪ વર્ષની વય જૂથના છે. તેમણે કહ્યું કે જ્યારે મારો અકસ્માત થયો ત્યારે હું મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષનો નેતા હતો. મારી કાર ટ્રક સાથે અથડાઈ. હું, પત્ની અને પુત્રી પણ કારમાં હતા. મોટો અકસ્માત થયો. ગડકરીએ કહ્યું કે હું પોતે પણ માર્ગ અકસ્માતના કિસ્સાઓથી ખૂબ જ પરેશાન છું. આમાં લોકોના સહકારની પણ જરૂર છે. રોડ એન્જિનિયરિંગમાં ઘણી સમસ્યા છે અને સિસ્ટમ્સમાં પણ ઘણો સુધારો કરવામાં આવ્યો છે. આર્થિક મોડલમાં તમામ લોકો માટે સીટ બેલ્ટ ફરજિયાત બનાવવામાં આવ્યો છે. હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. નવો મોટર વ્હીકલ એક્ટ લાવવામાં આવ્યો છે. એજ્યુકેશન અને અવેયરનેસ અંગેના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અમિતાભ બચ્ચનજીથી લઈને અક્ષય કુમાર સુધી કોઈપણ ફી લીધા વગર જાગૃતી ફેલાવી રહ્યા છે. યુનિવર્સિટી અને કોલેજોમાં શૈક્ષણિક કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. હેલિકોપ્ટર દુર્ઘટનાના મામલા સામે આવ્યા બાદ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટથી લઈને લોકોનો જીવ તાત્કાલિક કેવી રીતે બચાવી શકાય તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે. રસ્તા પર ક્રેન અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. એક વાત ચોક્કસ છે કે લોકોના સહકાર વિના અભિયાન સફળ નહીં થાય.

## અમદાવાદના મણિનગરમાં જિમમાં લાગી આગ

### ફાયર બ્રિગેડે એકને સુરક્ષિત બહાર કાઢ્યો





કમલમ્ ન્યુઝ,અમદાવાદ

અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલા એક જિમમાં સવારે આગ ફાટી નીકળી હતી આજ્ઞા પગલે ફાયર બ્રિગેડની પાંચ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. જીમમાં સુઈ રહેલા એક વ્યક્તિને ફાયર બ્રિગેડ દ્વારા સહી સલામત બહાર કાઢવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાન હાની થઈ નથી. ભાગમાં પેનલ બોર્ડમાં ઓવરલોડના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. મણિનગર- કાંકરિયા રોડ પર પુષ્પકુંજ ચાર રસ્તા પાસે એસએફડબ્લ્યુ જીમમાં સવારે આગ લાગી હોવાનો મેસેજ ફાયર બ્રિગેડ કંટ્રોલને મળ્યો હતો. ફાયર અધિકારી સહિતની પાંચ જેટલી ગાડીઓ ત્યાં પહોંચી હતી જીમમાં આગ લાગી હતી અને જીમમાં એક વ્યક્તિ હોવાની જાણ થઈ હતી. જેથી એસ્કલેટરની મદદથી ફાયર બ્રિગેડના જવાનો દ્વારા મહેન્દ્ર નામના અંદર સૂઈ રહેલા યુવકને બહાર કાઢ્યો હતો. ઈલેક્ટ્રીક પેનલ બોર્ડમાં ઓવરલોડના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક રીતે ફાયર બ્રિગેડને જાણવા મળ્યું છે. હાલ આગનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. સાણંદ ખાતે અજન્તા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સ્ટારકો મલ્ટી પ્લાસ્ટ નામના પ્લાસ્ટિકના દાણાના ગોડાઉનમાં શુક્રવારે આગ લાગી હતી. ફાયરબ્રિગેડની સાત જેટલી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી અને આગને કાબુમાં લીધી હતી. ગોડાઉનમાં પ્લાસ્ટિક મેટિંગનો ૩૦૦ ટન જેટલો માલ બચાવી લેવામાં આવ્યો હતો. આગનું પ્રાથમિક કારણ બીડી સિગારેટના કારણે ગોડાઉનમાં આગ લાગી હોવાની પ્રાથમિક માહિતી મળી છે. આ મામલે પોલીસ અને એફએસએલ દ્વારા તપાસ કરવામાં આવશે.

### નોકરિયાતો માટે સુપ્રીમ કોર્ટે આપી રાહત,

## પેન્શન વિશે સુપ્રીમ કોર્ટના ચુકાદાથી તમારા પર પડશે આ અસર

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે વર્ષ ૨૦૧૪ માટે કર્મચારી પેન્શન (સુધારા) યોજનાને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે ૨૦૧૪ની કર્મચારી પેન્શન (સુધારા) યોજનાને 'કાનૂની અને માન્ય' ગણાવી હતી. ઘણા કર્મચારીઓને રાહત આપતા કોર્ટે કહ્યું કે જે કર્મચારીઓએ હજુ સુધી કર્મચારી પેન્શન યોજનામાં જોડાવાના વિકલ્પનો ઉપયોગ કર્યો નથી, તેમને આમ કરવા માટે વધુ ૬ મહિનાનો સમય આપવામાં આવે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના દેશભરમાં કરોડો ખાતાધારકો છે. ઈર્હાં તેના ખાતાધારકોને તેમની થાપણો પર વ્યાજ ચૂકવે છે. ઉપરાંત, પેન્શન યોજના હેઠળ, ૧,૦૦૦ રૂપિયાનું લઘુત્તમ પેન્શન આપવામાં આવે છે.



કોર્ટે પેન્શન ફંડમાં જોડાવા માટે ૧૫,૦૦૦ રૂપિયાના લઘુત્તમ પેન્શનપાત્ર માસિક પગારની મર્યાદાને દૂર કરી છે, જે વર્ષ ૨૦૧૪ના સુધારામાં મહત્તમ પેન્શનપાત્ર પગાર (મૂળભૂત પગાર અને મોંઘવારી ફ ભથ્થા સહિત)ની મર્યાદા ૧૫,૦૦૦ રૂપિયા પ્રતિ માસ નક્કી કરવામાં આવી હતી. અને સુધારણા પહેલા મહત્તમ પેન્શનપાત્ર પગાર રૂ. ૬,૫૦૦ પ્રતિ માસ હતો. મહત્તમ પેન્શનપાત્ર પગાર (મૂળભૂત પગાર અને મોંઘવારી ભથ્થા સહિત) દર મહિને રૂ. ૧૫,૦૦૦ નક્કી કરવામાં આવ્યો હતો.

સુધારણા પહેલા, મહત્તમ પેન્શનપાત્ર પગાર દર મહિને રૂ. ૬,૫૦૦ હતો. પેન્શન પોલિસી હેઠળ આવરી લેવામાં આવતા કર્મચારીઓના મૂળ પગારના ૧૨% પ્રોવિડન્ટ ફંડમાં જાય છે, જ્યારે કંપનીના રૂ. ૧૫,૦૦૦ના ૧૨% હિસ્સામાંથી ૮.૩૩% પેન્શન યોજનામાં જાય છે. આ સિવાય સરકાર દ્વારા પેન્શન ફંડમાં ૧.૧૬% ફાળો પણ આપવામાં આવે છે. પેન્શન માટે મહત્તમ પગાર ૧૫૦૦૦ રૂપિયા છે. શું છે મામલો- એ છે કે બેઝિક સેલરી અને ડીએ બંનેને જોડીને બનેલી રકમના ૧૨ ટકા કંપની પીએફમાં ફાળો આપે છે. અહીં ટેકનિકલ સમસ્યા એ છે કે જો કોઈ વ્યક્તિનો મૂળભૂત પગાર અને ઢછ મળીને રૂ. ૧૫,૦૦૦ કરતાં વધી જાય, તો કંપની દ્વારા યોગદાનમાં ચૂકવવાના રૂ. ૧૫,૦૦૦માંથી ૮.૩૩ ટકા પેન્શન ફંડમાં આપવામાં આવે છે. શું થશે ફાયદો- સુપ્રીમ કોર્ટે પેન્શન ફંડમાં જોડાવા માટે ૧૫,૦૦૦ રૂપિયા માસિક પગારની મર્યાદા રદ કરી દીધી છે. તે આ રીતે સમજી શકાય છે.

જો કોઈનું EPFO ખાતું છે. કામ કરતા કર્મચારી તેના પગારના ૧૨ ટકા પીએફ તરીકે જમા કરે છે. તેના બદલામાં તેની કંપનીપણ તેને એટલી જ રકમ આપે છે. પરંતુ આ રકમમાં ૧૫૦૦૦ રૂપિયામાંથી માત્ર ૮.૩૩ ટકા જ પેન્શન પ્રોડકટમાં જાય છે. આવી સ્થિતિમાં, જો ૧૫ હજારની વ્યાપક મર્યાદા દૂર કરવામાં આવે છે અને તમારો મૂળ પગાર અને ડીએ ૨૦ હજાર રૂપિયા થઈ જાય છે, તો પેન્શનમાં યોગદાન અને પેન્શનની રકમ પણ વધશે. પરંતુ આ માટે કર્મચારી અને કંપનીની સંમતિ જરૂરી છે.

## દિલ્હી-NCRને ગંભીર પ્રદૂષણથી મળશે રાહત?!..,

### હવામાન વિભાગનું કહેવું છે આવું!

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

દિલ્હીમાં પ્રદૂષણ ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું છે. દિલ્હી સહિત ઘણા શહેરોની હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં હોવાને કારણે દિલ્હી સરકારે પ્રાથમિક શાળાઓને બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ સાથે ૫૦ ટકા



સરકારી કર્મચારીઓને પણ ઘરેથી કામ કરવાની સૂચના આપવામાં આવી છે. પ્રદૂષણનું સ્તર ભયજનક બન્યા બાદ દિલ્હીવાસીઓ પણ સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જ્યારે પહેલાથી જ શ્વસન સંબંધી રોગોથી પીડિત લોકો હોસ્પિટલોમાં મોટા પ્રમાણમાં પહોંચી રહ્યાં છે. દિલ્હી-એનસીઆરમાં વધી રહેલા પ્રદૂષણના સ્તર અને દિવાળી પૂરી થયા પછી પણ હવાની ગુણવત્તામાં સુધારો ન થતાં, સવાલ એ જરૂરી બન્યો છે કે દિલ્હીને આ ખતરનાક પ્રદૂષણમાંથી ક્યાં સુધી રાહત મળશે? નવેમ્બરમાં શિયાળામાં વધારો અને હવામાં વધુ સ્થિરતા સાથે પરિસ્થિતિ વધુ વણસી જશે? ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક વીકે સોનીએ જણાવ્યું હતું કે આ સમયે દિલ્હી અને તેની આસપાસના લોકો જે પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે, તેઓ ટૂંક સમયમાં તેનાથી થોડી રાહત મેળવી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૪ નવેમ્બર એટલે કે શુક્રવાર સુધી દિલ્હીની હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં રહેવાની સંભાવના છે, જ્યારે ૫ નવેમ્બરથી પવનની ગતિમાં ફેરફાર બાદ હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં આવશે. જે ખૂબ જ ખરાબ શ્રેણી છે. તે જ સમયે, ૬ઠ્ઠી અને ૭મી નવેમ્બરે આવનારા બે દિવસ માટે હવાની ગુણવત્તા અત્યંત ખરાબ શ્રેણીમાં રહેશે. વીકે સોનીનું કહેવું છે કે શુક્રવારે પવન ૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધીને પૂર્વ દિશામાંથી દિલ્હી પહોંચશે. આ દરમિયાન આકાશ સ્વચ્છ રહેશે પરંતુ હળવું ધુમ્મસ રહેશે. આ સિવાય ૫ નવેમ્બરે સપાટી પરનો પવન પૂર્વ-દક્ષિણ દિશામાંથી દિલ્હી તરફ ફૂંકાશે. જેની સ્પીડ ખૂબ જ ઝડપી હશે એટલે કે ૮ થી ૧૮ દ્વેર. ભારે પવનને કારણે પ્રદૂષણના રજકણો ઉડી જશે અને દિલ્હીના પ્રદૂષણમાં થોડી રાહત મળશે. વી.કે.સોની કહે છે કે ગયા વર્ષની સરખામણીએ આ વખતે પ્રદૂષણ ઓછું જોવા મળ્યું છે. ગયા વર્ષની સરખામણીએ આ વખતે ઓક્ટોબર મહિનો સારો રહ્યો છે. ઓક્ટોબર મહિનામાં હવાની ગુણવત્તા મોટે ભાગે સંતોષકારક હતી. જો કે નવેમ્બર મહિનામાં અહીં હવા તીવ્ર બની ગઈ છે, પરંતુ ૫ નવેમ્બરથી થોડી રાહત મળવાની આશા છે.

## રાણપુરના ઉમરાળા ગામે જુગાર રમતા ૪ ઝડપાયા


કમલમ્ ન્યુઝ,બોટાદ,

રાણપુર તાલુકાના ઉમરાળા ગામે જુગાર રમતા ૪ ઈસમોને રૂ.૨૪૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી પોલીસ સુત્રો દ્વારા મળતી માહીતી મુજબ રાણપુર પોલીસ સ્ટાફના માણસો તા.૩/૧૧/૨૨ ના રોજ પેટ્રોલીંગમાં હતા ત્યારે રાણપુર પોલીસ સ્ટાફના માણસોને બાતમી મળેલ કે રાણપુર તાલુકાના ઉમરાળા ગામે રાજુભાઈ ધીરૂભાઈ ઝાપડીયાના ઘર પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઈસમો હારજીતનો જુગાર રમે છે. ત્યારે રાણપુર પોલીસ સ્ટાફના માણસોએ બાતમી વાળા સ્થળને કોર્ડન કરી રેડ પાડતા જુગાર રમતા વિજય ઈશ્વરભાઈ શેખ, રાજેશ ધીરૂભાઈ ઝાપડીયા, મુન્ના જેરામભાઈ બાવળીયા અને ભરત વાલજીભાઈ બાવળીયા રહે તમામ ઉમરાળા તા.રાણપુર ને રૂ.૨૪૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી તમામ વિરૂધ્ધ રાણપુર પોલીસ સ્ટેશનમાં જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ અશોકભાઈ ઝાપડીયા ચલાવી રહ્યા છે પોલીસે રેડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.

## પીએમ મોદી બાદ ભારતના લોકો પર પુતિને કહ્યું, "ભારતના લોકો મહેનતી અને પ્રતિભાશાળી"

કમલમ્ ન્યુઝ,મોસ્કો

પીએમ મોદીના ખૂબ વખાણ કર્યા બાદ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન હવે ભારતના લોકોના વખાણ કરી રહ્યા છે. તમણે ભારતીયોને પ્રતિભાશાળી અને પ્રેરિત બતાવતા કહ્યું કે, આવનારા દિવસોમાં ભારત અપ્રત્યાશિત સફળતા પ્રાપ્ત કરશે. શુક્રવારે વ્લાદિમીર પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે, ભારતમાં ઘણી સંભાવનાઓ છે. તેમાં કોઈ શંકા નથી કે ભારત વિકાસના મામલામાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરશે. પુતિને રશિયાના એકતા દિવસ અવસર પર કહ્યું કે, ભારત પોતાના વિકાસ મામલામાં ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરશે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. લગભગ દોઢ અબજ લોકોવાળા દેશમાં તે ક્ષમતા છએ. આવો ભારતને જોઈએ, જ્યાં બહુ પ્રતિભાશાળી અને બહુ જ પ્રેરણાસ્ત્રોત લોકો વસે છે. આ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિએ આફ્રિકામાં ઉપનિવેશવાદ, ભારતની ક્ષમતા અને રશિયાની અદ્વિતિય સભ્યતા અને સંસ્કૃત વિશે વાત કરી હતી. પુતિને પોતાના ભાષણ દરમિયાન કહ્યું કે, પશ્ચિમી સામ્રાજ્યે આફ્રિકાને લૂંટી લીધું હતું.



ઘણા બધા અંશે પૂર્વ ઔપનિવેશિક શક્તિઓથી પ્રાપ્ત કરેલી સમૃદ્ધિનું સ્તર આફ્રિકાની લૂંટ પર આધરિત છએ. આ બધા જાણે છે. હા, વાસ્તવમાં તે સત્ય છે અને યૂરોપના શોધકર્તા તેને છુપાવતા નથી. પુતિને કહ્યું કે, રશિયા એક બહુરાષ્ટ્રીય ઓળખાણવાળો દેશ છે. અને અમારી એક અલગ સભ્યતા અને સંસ્કૃતિ છે. રશિયા યુરોપિય સંસ્કૃતિનો ભાગ છે અને ધર્મ દ્વારા મહાદ્વિપથી જોડાયેલો છે. રશિયા વિશ્વની એક પ્રમુખ શક્તિ બનીને ઊભરેલો દેશ છે. તે હકીકતમાં એક અનોખી સભ્યતા અને સંસ્કૃતિ છે. વ્લાદિમીર પુતિને કહ્યું કે સંસ્કૃતિ અને ઈસાઈ ધર્મના આધાર પર રશિયાનો યૂરોપ સાથે સંપર્ક છે. આ ઉપરાંત તે એશિયાની પણ ઓળખાણ શેર કરે છે. વ્લાદિમીર પુતિને કહ્યું કે રશિયામાં બહુરાષ્ટ્રીય ઓળખાણ સમાયેલી છે. આ અમારી અનોખી સંસ્કૃતિ છે અને અમને તેના પર ગર્વ છે. આ દરમિયાન વ્લાદિમીર પુતિને ભારતના ખૂબ વખાણ કરતા કહ્યું કે, આવનારા દિવસોમાં તે દેશના અભૂપતપૂર્વ પ્રગતિ કરશે. આપને જણાવી દઈએ કે, રશિયા અને ભારતની વચ્ચે દાયકાઓથી સારા સંબંધો રહ્યા છે. વ્લાદિમીર પુતિને પણ હંમેશા આ ઐતિહાસિક સંબંધોનો ખ્યાલ રાખ્યો છે. હાલમાં જ પુતિને પીએમ મોદીના ભરપૂર વખાણ કર્યા અને તેમને દેશભક્ત ગણાવ્યા હતા.

## દિલ્હીની સ્કૂલોમાં ધોરણ-૫ સુધીના તમામ ક્લાસ ૮ નવેમ્બર સુધી રહેશે બંધ

### દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણને સ્તરને જોતાં દિલ્હી સરકારે ઔપચારિક આદેશ જાહેર

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી,

દિલ્હીમાં વધતા જતા પ્રદૂષણને સ્તરને જોતાં કેજરીવાલ સરકારે રાજધાનીની સ્કૂલોમાં પાંચમા ધોરણ સુધી તમામ કલાસ મંગળવાર ૮ નવેમ્બર સુધી બંધ કરવા માટે કહ્યું. તેના માટે દિલ્હી સરકારે શુક્રવારે (૪ ઓક્ટોબર) ના રોજ ઔપચારિક આદેશ જાહેર કરી દીધો. તેમાં પાંચમા ઉપરના તમામ ધોરણના બાળકો માટે આઉટડોર એસેંબલી અને આઉટડોર પ્લેઈંગ એક્ટિવિટીને મંગળવારે ૮ નવેમ્બર સુધી બંધ કરવાની વાત કહેવામાં આવી છે. દિલ્હી-એનસીઆરની ઘણી સ્કૂલો અને વિદ્યાર્થીઓના વાલીઓને પ્રદૂષણના વધતા જતા સ્તરને જોતાં પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ક્લાસ આયોજિત કરવાની સરકારે જાહેરાતનું સ્વાગત કર્યું છે. આ સાથે જ સ્કૂલો અને વિદ્યાર્થીઓના વાલીઓને આશા વ્યક્ત કરી છે કે હાલની સમસ્યાના સમાધાન માટે સત્તાવાર અધિકારીઓ સાથે-સાથે લોકો દ્વારા પણ નક્કર પ્રયત્ન કરવામાં આવશે. વિશેષજ્ઞોએ સૂચન આપ્યું છે કે સરકરને સ્કૂલોમાં રજાઓના કાર્યક્રમમાં ફેરફાર કરવો જોઈએ કારણ કે દર વર્ષે શિયાળાની સિઝનમાં પ્રદૂષણની સમસ્યા ગંભીર થતી જાય છે. દિલ્હી સરકારે વધતા જતા પ્રદૂષણને ધ્યાનમાં રાખતાં શુક્રવારે જાહેરાત કરી કે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રાથમિક સ્કૂલ શનિવારથી આગામી આદેશ સુધી બંધ રહેશે જ્યારે અન્ય ધોરણના વિદ્યાર્થીઓ માટે બહારી ગતિવિધિઓ સીમિત કરી દેવામાં આવશે. સરકારના આ નિર્ણયથી જ્યાં માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો, તો બીજી તરફ ઘણી સ્કૂલોએ વારંવાર સ્કૂલ બંધ હોવાના કારણે બાળકોના નુકસાનની ચિંતા વ્યક્ત કરી છે. દિલ્હી વાલી સંઘની અધ્યક્ષ અપરાજિતા ગૌતમે કહ્યું કે પ્રાથમિક સ્કૂલોને બંધ કરવા એક સ્વાગત યોગ્ય પગલું ભર્યું છે, પરંતુ સાથે જ તેમણે સવાલ કર્યો કે અન્ય ધોરણને સસ્પેંડ કેમ ન કરવામાં આવ્યા. તેમણે કહ્યું કે "શું સરકારને લાગે



છે કે દિલ્હીમાં ખરાબ વાયુ ગુણવત્તાથી તે બાળકોને નુકસાન નહી થાય, જે મોટા છે? પ્રદૂષણના પ્રભાવની કોઈ ઉંમર હોતી નથી. તમામ વર્ગોના વિદ્યાર્થીઓને રાહત આપવી જોઈતી હતી. આ ઉપરાંત સરકાર ક્યાં સુધી પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે કામચલાઉ સમાધનનો સહારો લેવાનું ચાલુ રાખશે.

# ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે "અગ્રેસર ગુજરાત કેમ્પેઈન" નું લોન્ચિંગ કરવામાં આવ્યું.

**છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને જનતા આશિર્વાદ આપી સત્તાની જવાબદારી આપે છે અને ભાજપ સત્તાના માધ્યમથી સેવા કરે છે જેના કારણે ગુજરાતમાં એન્ટી ઇક્મ્બન્સી નથી. – શ્રી સી.આર.પાટીલ**





કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપના સંકલ્પ પત્ર પ્રસિદ્ધ કરતા પહેલા સમગ્ર ગુજરાતની જનતા જનાર્દનના વિચારો અને પસંદગી જાણવા માટે "અગ્રેસર ગુજરાત કેમ્પેઈન" નું લોન્ચિંગ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પેજ સમિતિના પ્રણેતા અને યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ગુજરાતની જનતાનો અભિપ્રાય લેવા માટે અગ્રેસર ગુજરાતનું કેમ્પેઈન તારિખ ૫ થી ૧૫ સુધી યોજવામાં આવશે. આ કેમ્પેઈનમાં સુચના પેટી દરેક તાલુકા મંડળ, દરેક જાહેર સ્થળો પર,ગ્રામ પંચાયતો પર મુકવામાં આવનાર છે અને પોસ્ટ કાર્ડ માધ્યમ થકી ગુજકાતની જનતા તેમના સુચનો જણાવી શકશે તેમજ **www.agresargujarat.com**ની વેબસાઈટ તેમજ ૭૮ ૭૮ ૧૮૨૧૮૨ નંબર પર પણ ભાજપના સંકલ્પો અંગે સુચનો જણાવી શકશે. આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણી આવી ગઈ છે ત્યારે રાજયની પ્રજાના સુચનો એ ભાજપનો સંકલ્પ રહ્યો છે અને એટલે તારીખ ૫ થી ૧૫ દરમિયાન જનતા જનાર્દનના સુચનોનો લઈ ભારતીય જનતા પાર્ટી વિચારવિમર્શ કર્યા પછી સંકલ્પ પત્ર તૈયાર કરી જનતા સમક્ષ રજૂ કરવામાં આવશે. શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જે વચનો આપ્યા હતા તેમાં મોટા ભાગના વચનો પુર્ણ કરવામાં આવ્યા છે તો જે વચનો બાકી છે તે સંકલ્પો પુરો કરવાના પ્રયાસો ચાલુ છે તે સિવાય ભાજપે જે વચનો નથી આપ્યા છતા જનતાની અપેક્ષાને પુર્ણ કરવામા ક્યાંય કચાસ બાકી રાખી નથી. જનતાને આપેલા વચનો ભાજપ હમેંશા પુર્ણ કરે છે અને એટલે જ છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને જનતા આશિર્વાદ આપી સત્તા આપે છે અને ભાજપ સત્તાના માધ્યમથી સેવા કરે છે જેના કારણે ગુજરાતમાં એન્ટી ઈક્મ્બન્સી નથી. શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, આ વખતની વિધાનસભામાં ગુજરાતની જનતાઐતિહાસીક બેઠક આપશે તેવો વિશ્વાસ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનમાં આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર છે. ભાજપ ગુજરાતની જનતાના સપનાનું ગુજરાત બનાવવાનો પ્રયાસ કરે છે.

શ્રી પાટીલ સાહેબે જયનારાયણ વ્યાસજીના રાજીનામાં અંગે પુછાયેલા સવાલના જવાબમાં જણાવ્યું કે, જયનારાયણભાઈ વ્યાસ છેલ્લા ૨૦ વર્ષથી ભાજપ સાથે હતા. જયનારાયણભાઈને પાર્ટીએ ૨ વખત ટીકિટ આપી હતી કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી ચૂકયા છે પરંતુ ૭૫ વર્ષ પછી ભાજપમાં ટીકિટની અપેક્ષા નહી હોય અને આ પાર્ટીનો એક નિયમ છે તેના કારણે તેમને રાજીનામું આપ્યું હશે જેને પાર્ટીએ સ્વીકાર્યુ છે. શ્રી પાટીલ સાહેબે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર અંગે પુછાયેલા સવાલમાં જણાવ્યું કે, ભાજપ કોઈ પણ નેતાના સગાને ટીકિટ નથી આપવાની, આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, શ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશના પ્રવકતા અને મેનિફેસ્ટો કમિટિના ચેરમેન શ્રી યમલભાઈ વ્યાસ, કોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લામાં ચૂંટણીના મેનેજમેન્ટ માટે વલસાડ ડીઈઓ એપ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ક્ષિપ્રા આગ્રે દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં લોન્ચ કરાઈ



કમલમ્ ન્યુઝ,સીમા ભટ્ટાચાર્ય

વિધાનસભા ચૂંટણી- ૨૦૨૨ દરમિયાન અધિકારી અને મતદારોને સરળતા પડે તે માટે સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમવાર વલસાડ જિલ્લાના ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીના સરળ મેનેજમેન્ટ માટે વલસાડ ડીઈઓ એપ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ક્ષિપ્રા આગ્રે દ્વારા જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયા કર્મીઓને ચૂંટણી સંબંધિત વિગતો આપવા માટે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ એપ લોન્ચ કરવામાં આવી છે. જેના થકી મતદારોને પોતાનુ નામ અને મતદાન મથક સુધી પહોંચવાનો શોર્ટ કટ રસ્તો સહિતની માહિતી મળી શકશે. આ એપ અંગે વધુ માહિતી આપતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું કે, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ના સરળ સંચાલન માટે આ એપ વલસાડ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ એપનો મુખ્ય હેતુ ઝોનલ/સેકટર મેજિસ્ટ્રેટોને મતદાન મથક ઉપર અવર જવરમાં સગવડતા મળી રહે તે છે. આ એપની બીજી વિશેષતાએ છે કે, મતદારોને પોતાના મતદાન મથકનું સ્થળ અને ત્યાં પહોંચવા માટેનો ટૂકા રસ્તાની જાણકારી પણ મળી રહેશે. મતદારો પોતાનુ નામ પણ જોઈ શકશે ઉપરાંત પોલીંગ સ્ટેશનના બીએલઓના નામ અને ફોન નંબર તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓના ઈમરજન્સી સંપર્ક નંબરો પણ જાણી શકશે. ચૂંટણીની તૈયારી સરળતાથી કરી શકાય અને મતદાનના દિવસેઆ એપ દ્વારા લોકેશન બેઈઝડ એટેન્ડન્સ સિસ્ટમથી ઝોનલ મેજિસ્ટ્રેટની તેમના મતદાન મથકોની રીઅલ ટાઈમ મુલાકાત પણ જાણી શકાશે. રિટર્નિંગ ઓફિસર અને જિલ્લા ચૂંટણી અધિકારી મહત્વની અને ઈમરજન્સી સૂચનાઓ પણ આ એપમાં એલર્ટ સ્વરૂપે આપી શકશે. આ એપ્લીકેશન **VALSAD DEO** ટાઈપ કરીને મોબાઈલમાં ડાઉનલોડ કરી શકાશે એમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જણાવાયું છે.

## મેમનગર હેલ્મેટ સર્કલ પાસે બાઈક પર સ્ટંટ કરનાર બે યુવકોને પોલીસે પકડી પાડ્યા



કમલમ્ ન્યુઝ,અમદાવાદ,

મેમનગરના હેલમેટ ચારરસ્તા પાસેથી થોડા દિવસ પહેલાં રાત્રિ દરમિયાન સ્પોર્ટ્સ બાઈક લઈને રોડ પર લોકોના જીવ જોખમાય તથા આવતા જતા રાહદારીઓને ઈજાનો ભય ઊભો તે રીતે સ્ટંટ કરનારા બેની પોલીસે ધરપકડ કરી છે. વટવાની નિલગિરી સોસાયટીમાં રહેતા યુવરાજસિંહ ઉદયકુમાર ટાંક તથા પાલડીમાં રહેતા જયદેવ કનુભાઈ વાઘેલા બોડકદેવના એનએફડી સર્કલ પાસેથી પસાર થતાં પોલીસે ઝડપી પાડ્યા હતા. જે તે સમયે સ્ટંટ કરનારા આ બંને યુવકોની ઓળખ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કરી હતી. જેમાં બંનેની બાઈક નંબરના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. બંનેના વીડિયો સોશિયલ મીડિયામાં વહેતાં થયા હતા. જેમાં ટ્રાફિક હોવા છતાંબંને યુવકોએકબીજાની ઓવર ટેક કરી સ્ટંટ કરતા જોવા મળ્યા હતા. તેમજ યુવાનોએ બાઈકના ટાયર આગળથી ઊંચા કરી સ્ટંટ કરતાં બાઈક પૂરઝડપે ચલાવી રહ્યા હતા. સોશિયલ મીડિયા પર વહેતાં થયેલા વીડિયો જોઈને પોલીસ એક્ટિવ થઈ હતી. તાજેતરમાં જ મેમનગર હેલ્મેટ સર્કલ પાસે બે યુવકો બાઈક પર સ્ટંટ કરતા હોવાના વિડીયો વાયરલ થયો હતો. જેના અનુસંધાનમાં ડીસીપી ઝોન વન તેમજ તેમની ટીમ આ યુવકોને ઝડપી લેવા કાર્યરત થઈ ગઈ હતી.સમગ્ર વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતાબંને બાઈકના નંબર મળી આવ્યા હતા અને નંબરને આધારે આ બાઈક પર્સન્ટ કરનાર યુવરાજ સિંહ અને જયરાજસિંહ નામના યુવકો હોવાનો તપાસમાં સામે આવ્યું હતું. જેમની ભાળ મળતાની સાથે જ એલસીબી પીએસઆઇ જાડેજા અને વસ્ત્રાપુર પોલીસની ટીમે તેમને ઝડપી લીધા હતા. અમદાવાદના સિંધુ ભવન રોડની શરૂઆતથી તાજ હોટલ સુધીના રસ્તા પર અનેક લોકો પસાર થતા હોય છે. ત્યારે આ જ રોડ પર દિવાળીની રાત્રે બનેલો બનાવ અમદાવાદીઓએ કયારે ન જોયો હોય તેવો જાહેર રસ્તા પર જોવા મળ્યો હતો. સ્કોર્પિયો કારના બોનેટ પર બેસીને બેફામ ફટાકડા ફોડી રહ્યા હતા અને રસ્તાની વચ્ચે પોતાની કાર ચલાવીને લોકોને રીતસર ડરાવી રહ્યા હતા. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાનો ડર ના હોય તે રીતે પણ રોડ-રસ્તા બંધ કરીને રસ્તાની વચ્ચે તથા બે રસ્તાની વચ્ચે ડિવાઈડર પર ફટાકડા ફોડ્યા હતા. આ તમામ લોકો અન્યના જીવને જોખમમાં મૂકે તે રીતે ફટાકડા ફોડી રહ્યા હતા અને પોતાના વાહન પર બેસીને લોકોને પરેશાન કરી રહ્યા હતા. હાલ સમગ્ર મામલે સરખેજ પોલીસે આઈપીસી ૨૮૩, ૧૮૮, ૧૩૫, ૨૮૬ અને ૨૭૯ આ ઉપરાંત આ તમામ આરોપીઓને જાણ હતી કે ફટાકડા ફોડવાથી કોઈના જીવનું જોખમ રહેલું છે છતાં ફટાકડા ફોડ્યા તે મામલે પોલીસે જાહેરનામા ભંગ સિવાય કલમ ૩૦૮ પણ ઉમેરી છે. તમામ આરોપીઓએ જે જગ્યાએ ફટાકડા ફોડ્યા હતા તે જગ્યા પર લાવવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લાના શામળાજીના મેળામાં કેન્દ્ર સરકાર દ્વારા ભવ્ય લોકસંપર્ક કાર્યક્રમનું ઉદઘાટન

**મતદાર જાગૃતિ અભિયાન વિશે લોકભોગ્ય અને મનોરંજક રીતે પાંચ દિવસ અપાશે માહિતી અને માર્ગદર્શન**





કમલમ્ ન્યુઝ,

લોકશાહીનો સૌથી મોટો અવસર અને ખાસ ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીને અનુલક્ષીને ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, ક્ષેત્રીય કાર્યાલય, પાલનપુર ગુજરાત દ્વારા આયોજિત પાંચ દિવસીય ફોટો પ્રદર્શન તેમજ લોકસંપર્ક કાર્યક્રમને માનનીય જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્ર કુમાર મીણા દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો.

માનનીય જિલ્લા કલેકટર દ્વારા આ પ્રસંગે ઉદબોદન આપતા જણાવવામાં આવ્યું કે આ વખતે ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં વધારેમાં વધારે મતદારો પોતાની ભાગીદારી નોંધાવે એ માટે મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત દ્વારા લોકશાહીનો અવસર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે

જેમાં ખાસ આ વખતે પ્રથમવાર મતદાન કરતા નવયુવાન ઉત્સાહ સાથે ચૂંટણીમાં ભાગીદાર બની મોટા પાયે મતદાન કરે એ માટે મતદાતા જાગૃતિ અભિયાન ખૂબ જ બહોળા પ્રમાણમાં આયોજનબદ્ધ રીતે ચલાવવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે આજ રોજ વિશ્વપ્રસિદ્ધ શામળાજી મંદિર ખાતે કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુર દ્વારા પાંચ દિવસીય ફોટો પ્રદર્શન તેમજ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આયોજિત આ કાર્યક્રમ દ્વારા મોટી સંખ્યામાં મતદારોને જાગૃત કરવાનું સફળ કાર્ય કરી રહ્યો છે જે ખૂબ જ સરાહનીય કાર્ય છે

અને સાથે જ સરકારી તંત્ર દ્વારા કોઈપણ વ્યક્તિ મત આપવાથી ચૂકી ન જાય એના માટે ખાસ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે જેના માટે સુગમ સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી રહી છે.

આ પ્રસંગે કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુર દ્વારા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત અગ્રીમ પ્રચાર ના ભાગરૂપે શામળાજી તેમજ આજુબાજુના વિસ્તારોમાં ઉપસ્થિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામ્ય વિસ્તારોમાં મતદાર જાગૃતિ અંગે વિવિધ ચિત્ર, સ્લોગન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું જેના ભાગરૂપે વિજેતાઓને માનનીય જિલ્લા કલેકટર શ્રી દ્વારા ઈનામ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા. મતદાન જાગૃતિ નોડલ અધિકારી દ્વારા મતદાન પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી વિશેષમાં મતદાન જાગૃતિ તજજ્ઞ શ્રી જયેશ મકવાણા દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું, કાર્યક્રમની શરૂઆત કેન્દ્રીય સંચાર બ્યુરો દ્વારા મતદાર જાગૃતિ રેલીથી કરવામાં આવી જેમાં મોટી સંખ્યામાં યુવાઓએ ભાગ લીધો વધુમાં આ પ્રસંગે કેન્દ્રીય સંચાર બ્યુરો પાલનપુર દ્વારા વિવિધ મતદાન જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું જેમાં મતદાતા જાગૃતિ સ્ટોલ માં મતદાન જાગૃતિ અંગે લીફલેટ પેમ્પલેટના વિતરણ સાથે મતદાન જાગૃતિ અંગે નોન વુવન બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ઉપસ્થિત જાહેર જનતા માટે કેન્દ્રીય સંચાર બ્યુરોના સહયોગથી મેહુલ ફાઉન્ડેશન હિંમતનગર દ્વારા મતદાન જાગૃતિ નાટિકાનું મંચન કરવામાં આવ્યું આ પ્રસંગે ભિલોડા એ.આર.ઓ તેમજ મામલતદાર શ્રી જીલ પટેલ, પ્રદર્શની અધિકારી શ્રીમતી સુમન મછાર તેમજ અધિકારી કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

આગામી દિવસોમાં અને ખાસ કરીને શામળાજીના મેળામાં આવતી જાહેર જનતા આ ફોટો પ્રદર્શન અને કાર્યક્રમો ને નિહાળે એ માટે વિશેષ અપીલ કરવામાં આવી સાથે કાર્યક્રમના ભાગરૂપે થનાર તમામ મતદાતા જાગૃતિ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી તેમજ કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રચાર અધિકારી શ્રી જે ડી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028